# ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા થી પાલ્લા સુધીનો નવિન માર્ગ બિસ્માર

ભિલોડા,તા.૨૩

ગુજરાત રાજયના અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શ્રી ગોપાળાનંદ સ્વામીની પાવન જન્મભુમિ અને સ્વામીનારાયણ મંદિરમાં દર્શનાર્થે હજ્જારો હરિભક્તો આવતા હોય છે પરંતુ બિસ્માર માર્ગ હોઈ વાહન ચાલકો અને હરિભક્તો હેરાન પરેશાન થઈ રહ્યા છે.ટોરડા થી પાલ્લા સુધીનો તાજેતરમાં બનાવેલો નવિન માર્ગ અત્યંત બિસ્માર હાલતમાં હોઈ હજ્જારો હરિભક્તો,વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. વા.ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી અને સામાજીક કાર્યકર અરૂણભાઈ રાવલ સહિત ટોરડા પંથકના જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ ટોરડા થી પાલ્લા સુધીનો નવિન માર્ગ અત્યંત બિસ્માર હાલતમાં હોઈ વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.



ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી હતા ત્યારે ટોરડા ધામને પવિત્ર યાત્રાધામ (પ્રવાસન ધામ) તરીકે જાહેર કરવામાં આવેલ છે પરંતુ ટોરડા થી ટાકાટુકા,પાલ્લા,ધારેશ્વર મહાદેવ મંદિર વિસ્તારનો ડામર માર્ગ બિસ્માર હાલતમાં હોઈ અવર જવર કરતા વાહન ચાલકો ત્રાહિમામ છે.ટોરડા થી પાલ્લા સુધીનો કરોડો રૂપિયાના ખર્ચે તાજેતર નવિન બનાવેલ માર્ગ ઉપર ઠેર-ઠેર મસમોટા ગાબડા અને ખાડાઓનું સામ્રાજ્ય હોઈ વાહન ચાલકોને ભારે હાલાકી સહન કરવાનો વારો આવ્યો છે.નવિન બનાવેલ માર્ગ ઉપરથી કપચી પણ ઉખડવા લાગી છે ત્યારે બે નંબરીયા કોન્ટ્રાક્ટરે કામકાજ દરમ્યાન વેઠ ઉતારી હોઈ તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

જીલ્લા કક્ષાના વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે માર્ગનું સમારકામ હાથ ધરવામાં આવે તેવી લોકમાંગણી છે.ટોરડા થી પાલ્લા સુધી બનાવેલ નવિન માર્ગ છ મહિનાની અંદર બિસ્માર હાલતમાં ફેરવાતા ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે તો વ્યાપક ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.



**માલપુરના મેવડા ગામે આવેલ એસ.બી.આઈ. બ્રાન્ચના જર્જરિત મકાનની છતના પોપડા ખરી પડ્યા**

રાજ્યમાં જર્જરિત મકાન ધરાશાયી થવાની ઘટનાઓ સતત વધી રહી છે.અરવલ્લી જીલ્લામાં મકાનો ધરાશાયી થવાની અનેક ઘટનાઓ બની રહી છે માલપુર તાલુકાના મેવડા ગામે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચનું જર્જરિત મકાનની છત તૂટી જતા બેંકમાં રહેલા કોમ્પ્યુટર અને રાચ રચીલાને નુકશાન થયું હતું સદનસીબે છત તૂટી પડવાની ઘટના રાત્રીના સુમારે બની હોવાથી જાનહાની ટળી હતી. માલપુર તાલુકાના મેવડા ગામે આવેલ બ્રાન્ચ જર્જરિત મકાનમાં વર્ષોથી ચાલી રહી છે બ્રાન્ચનું મકાન જર્જરિત હોવાથી ગમે તે ઘડીએ તૂટી પડે શનિવારે બેંકમાં ફરજ બજાવતા કર્મચારીઓ બ્રાન્ચ બંધ કરી ઘર ગયા હતા સોમવારે રાબેતા મુજબ બ્રાન્ચ ખોલતા બ્રાન્ચની છત ખરી પડવાની સાથે બ્રાન્ચમાં રહેલા ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને રાચ રચીલું તૂટી પડેલું જોવા મળતા લોકો જોવા ઉમટ્યા હતા ગ્રાહકોમાં બેન્કનું મકાન બદલવાની માંગ કરી રહ્યા છે.


# ખેડબ્રહ્મા વિધવા પુત્રવધુને ત્રાસ આપતા ૭ વિરુદ્ધ ફરિયાદ નોધાઈ

ખેડબ્રહ્મા પોલીસના જણાવ્યા અનુસાર પરોયા ગામે પુત્રના અવસાન બાદના કારજ પ્રસંગમાં જ પુત્ર વધુને સાસરિયાઓએ માર મારતા પુત્રવધૂએ સાસરિયાઓ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન થી મળતી વિગતો અનુસાર પોષીના તાલુકાનાં દંત્રાલ ગામના જયંતિભાઈ ની દીકરી પાયલ ના લગ્ન સામાજિક રીતે બે વર્ષ અગાઉ ખેડબ્રહ્મા તાલુકાનાં પરોયા ગામના અક્ષયકુમાર દશરથભાઈ પરમાર સાથે કરવામાં આવ્યા હતા. લગ્ન બાદ અક્ષયને દારૂ પીવાની આદત હોય પાયલ અવાર નવાર તેના સાસુ ચંપાબેન અને સસરા દશરથભાઈ ને અક્ષયના દારૂના વ્યસન બાબતે જાણ કરતાં સાસુ સસરા જણાવતા કે અક્ષય દારૂ પીશે અને તારે સહન કરવું પડશે. જેથી પાયલ પોતાનું લગ્ન જીવન ન બગડે તે માટે પતિ અને સાસુ સાસરનો ત્રાસ સહન કરતી હતી.

પાયલની મોટી બહેન રેખાનું સિમત હોય પાયલ ૭/૯/૨૦૧૯ ના રોજ તેના પિતાજીના ઘરે આવી હતી. અને ૮ તારીખે ઇડર મુકામે સિમત માં ગયા બાદ અક્ષયના કહેવાથે પિયરમાં રહેવા ગઈ હતી ત્યારે ૧૪/૯ ના રોજ પરોયા ખાતે અક્ષયે કોઈ કારણસર ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી હતી.. ત્યાર બાદ પતિની મરણ વિધિ માટે પરોયા મુકામે આવેલ હતા ગત શનિવારના રોજ અક્ષયની કારજ વિધિ હોય સમાજના લોકો આવેલ હતા. અને સામાજિક રીત રિવાજ મુજબ શોક બદલવા પિયરમાં જવાનું હોય પાયલ અંદર સાસુ ને મળવા જતાં ચંપાબેન તથા જેઠાણી કિરણબેન પાયલને ગડદા પાટુ મારવા લાગેલ કહેતા હતા કે તારા કારને અક્ષય મારી ગયો છે. ત્યારે પાયલન સસરા દશરથભાઈ અને કાકા સસરા મુલાભાઈ અને દિયર હીમતભાઈ પણ માર મારવા લાગેલ વધુમાં કુટુંબના રવિભાઈ , કરશનભાઈ, પણ મારવા લાગેલ તેમાં દિયર હીમતભાઈ ગળું પકડવા જતાં ખેચતાનમાં પયલ ના સોનાની ચેન અને બુટ્ટી પણ પડી જતાં સાસરી વાળાએ લઈ લીધી હતી. બૂમાબૂમ થતાં સમાજના રણજીતભાઈ મગનભાઈ મકવાણા, જગદીશભાઈ દીશભાઈ પરમાર પ્રવીણભાઈ કચરભાઈ પરમાર, વગેરે આવી પાયલને છોડવેલ અને સારવાર માટે જનરલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા.

પાયલે તેના સસરા દશરથભાઈ નાનજીભાઈ પરમાર, સાસુ ચંપાબેન દશરથભાઈ પરમાર, દિયર હીમતભાઈ દશરથભાઈ પરમાર, કાકા સસરા મુલાભાઈ નાનજીભાઈ પરમાર, કિરણભેન જગદીશભાઈ પરમાર, રવિભાઈ જીવાભાઈ પરમાર, કરશનભાઈ નાનજીભાઈ પરમાર વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોધાવતા પોલીસે ૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪ મુજબ ગુન્હો નોધી તપસ હાથ ધરી હતી.



**ડીસા તાલુકામાં તૈયાર બાજરીનો પાક ઢળી પડ્યો**

સમગ્ર રાજ્યમાં ચોમાસા દરમિયાન મેઘરાજા મન મૂકીને વરસ્યા છે જેને લઈ ચોમાસુ સીઝન પણ સારા પ્રમાણમાં થવાની ધરતીપુત્રોને આશા સાથે ઉત્સાહ છવાયો છે. જો કે અષાઢ-શ્રાવણ બાદ ભાદરવામાં પણ અવરીત વરસાદ વરસતા ખેતીના પાકોને નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે. ડીસા પંથકમાં છેલ્લા બેએક દિવસથી ફરી થી એકાએક વરસાદ શરૂ થયો છે, તેમાંય રવિવારે ડીસા તાલુકાના સદરપુર, લૂંણપુર, ઝાબડીયા સહિતના ગ્રામીણ વિસ્તારોમાં અચાનક પવન સાથે વરસાદ તૂટી પડતા અનેક સ્થળે બાજરીનો તૈયાર પાક જમીન દોસ્ત થઈ જતા ધરતીપુત્રોને મોઢે આવેલો કોળિયો છીનવાઈ જતા નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. આ ઉપરાંત આ વિસ્તારમાં અનેક વૃક્ષ પણ ધરાસાઈ થઈ જવા પામ્યા છે. આ બાબતે સદરપુર ગામે રહેતા ઈશ્વરભાઈ રબારીએ જણાવ્યું હતું કે આ વખતે ચોમાસુ સીઝન સારી થઈ છે અને હવે પાક તૈયાર થઈ ચૂક્યો છે જેથી હવે વરસાદની જરૂર નથી તેમ છતાં અત્યારે અચાનક પવન સાથે વરસાદ પડતાં બાજરીનો તૈયાર પાક ઢળી પડી જમીનદોસ્ત થઈ જતા મોઢે આવેલ કોળિયો છીનવાઈ ગયો છે.

# કુપોષણ દૂર કરવાની ગુલબાંગો ફૂંકાતી સરકારની પોલ ખુલી

## આંગણવાડીમાં ભોજન માટે પ્રતિ બાળક શાકભાજીના ફક્ત ૧૦ પૈસા

દેશના સૌથી સમૃદ્ધ રાજ્ય ગુજરાતમાં વિકાસના નમૂનારૂપ અને ગતિશીલ ગુજરાતમાં બાળકો "ટાયડા" જેવા છે. વિધાનસભા સત્રમાં પુછાયેલ પ્રશ્નમાં ખુદ સરકાર જ કબૂલે છે! ગુજરાત સ્વીકાર્યું છે કે, રાજ્યમાં ૧.૧૧ લાખ બાળકો કુપોષિત છે ગુજરાત સરકારના કુપોષણ દૂર કરવા સતત પ્રયત્નશીલ હોવાની ગુલબાંગો ફેંકી રહી હોવાની પોલ ખુલ્લી પડી ગઈ છે. આંગણવાડીના બાળકોના ભોજન માટે પ્રતિ બાળક શાકભાજીના ફક્ત દસ પૈસા ચૂકવાતી હોવાનું ખુદ આંગણવાડી કર્મચારીઓએ પોલ ખોલી દીધી છે રવિવારે સી.આઈ.ટી.યુ. સંકલિત ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના નેજા હેઠળ અરવલ્લી જિલ્લા આંગણવાડી કર્મચારીઓની બેઠક જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના હીરાલાલ ભુવનના હોલમાં મળી હતી, જેમાં કર્મચારીઓની પગાર વધારો સહિત વિવિધ પડતર માગણીઓને લઈ રણનીતિ બનાવામાં આવી હતી.





આ બેઠકમાં ૪૫૦ જેટલી આંગણવાડી બેહનો ઉપસ્થિત રહી હતી. જેમાં આંગણવાડી કાર્યકર મહિલાઓએ સરકાર ખરેખર કુપોષણ દૂર કરવા ઈચ્છતી હોય તો બાળકોને રાંધીને અપાતા ખોરાકના પોષણ દરમાં સુધારો કરો ખાદ્યસામગ્રીમાં વધારો કરવાની બાળક દીઠ ફાળવવામાં આવતા શાકના ૧૦ પૈસામાં વધારો કરો મસાલા દરમાં વધારો કરવો જોઈએ "અમુલ ડેરી" ને કોન્ટ્રાક આપી દેવામાં આવ્યો છે "માતૃ શક્તિ" "પુર્ણા શકિત" અને "બાલ શક્તિ" બાળકો ખાતી નથી અને અમે સરકાર સામે ખુલ્લો આક્ષેપ કરીએ છીએનું જણાવ્યું હતું.

ગુજરાત આંગણવાડી સંગઠનના પ્રમુખ અરુણ મેહતાની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં પગારથી લઈ આંગણવાડી બહેનો પર નિયત કામ કરતા વધારાનો બોજ તેમજ આંગણવાડીના બાળકોના ભોજન માટે આપવામાં આવતી સામગ્રીની ગુણવત્તા વિષે બેહનો પોતાનો રોષ ઠાલવ્યો હતો. આ બેઠકમાં જો તેમની પડતર માંગો નહિ સંતોષાય તો આગામી દિવસોમાં સરકાર વિરુદ્ધ ઉગ્ર વિરોધ ની ચીમકી કર્મચારીઓની ઉચ્ચારી હતી.

# જિલ્લાકક્ષાના ખેલ મહાકુંભમાં ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં તલોદનું પ્રભુત્વ



સાબરકાંઠા જિલ્લાકક્ષાના ખેલ મહાકુંભ ટેબલટેનિસ સ્પર્ધા ખેડબ્રહ્મા ખાતે તાજેતરમાં યોજાઈ જેમાં અસંખ્ય સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ રસાકસીભર્યા સ્પર્ધામાં તલોદના સ્પર્ધકોએ પ્રભુત્વ મેળવ્યુ હતુ. જેમાં વિજેતા તરીકે દિવ્ય ભાવસાર, વૈભવ ચૌધરી, ક્રિશ વાળંદ, રાજેન્દ્ર મિસ્ત્રી, મિતેશ પટેલ, મહેન્દ્ર પટેલ, બિપીન જોષી, મિતેષ પટેલ, મહેન્દ્ર પટેલ, વિનુ સુથાર, લાલાભાઈનરસિંઘાણી, સરફુદીન લુહાર, સતાર મનસુરી, પ્રકાશભાઈ જોષી (મહિયલ) જેઓ શાનદાર વિજયી થયા હતા અને સૌ કોઈએ અભિનંદન પાઠવ્યા હતા. વિજયી થયેલા વિજેતાઓએ રાજ્યકક્ષાએ પણ ઉત્કૃષ્ઠતા બતાવવા જણાવ્યુ છે.

# અરવલ્લી જિલ્લા પોલીસવડાએ વધુ એકવાર બદલીનો ગંજીપો ચીપ્યો

## ૪ પીએસઆઈ ૧૫૯ પોલીસકર્મીઓની બદલી

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે વધુ એકવાર જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્યવિસ્તારના પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો ચીપ્યો છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સતત પોલીસવડા દ્વારા થઈ રહેલી બદલીઓનુ ગણિત સમજવામાં થાપ ખાઈ રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. ૪ પીએસઆઈ અને ૧૫૯ પોલીસ કર્મચારીઓની વહીવટી કારણોસર બદલીના ઓર્ડર કરી જીલ્લા પોલીસતંત્રમાં ભારે ઉલટફેર કરવામાં આવતા વારંવાર કરાતી બદલીઓ સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા અને પોલીસ કર્મચારીઓની નિષ્ફળ કામગીરી સામે કડક પગલાં ભરાતા વહીવટી કારણોસર ૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને સાગમટે ૧૫૯ કર્મચારીઓની બદલીના આદેશ થતા પોલીસ કર્મચારીઓમાં ભારે દોડધામ મચી હતી અને ફરજ પરના સ્થળ પરથી તાત્કાલિક છુટા કરવાના અને બદલીના સ્થળે તાત્કાલિક હાજર થવાના આદેશ પગલે પોલીસ કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સતત પોલીસબેડામાં થઈ રહેલી પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓની બદલીના આદેશ થતા પોલીસકર્મીઓને પરિવારજનો પણ વિમાસણમાં મુકાઈ રહ્યા છે. પોલીસકર્મીઓની બદલીની સીધી અસર તેમના બાળકોની અભ્યાસ પર થઈ રહી હોવાનું પોલીસબેડામાં ચર્ચાઈ રહ્યુંછે.

# રણાસણ કંપા પાસેથી ૭૨૦ ટીન બીયરનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા એલસીબીએ બાતમીને આધારે રવિવારે રાત્રે તલોદ તાલુકાના રણાસણ કંપા પાસેથી એક લકઝરીયસ કારમાં પાસ પરમીટ વિના લઈ જવાઈ રહેલ અંદાજે ૭૨૦ ટીન બીયરનો જથ્થો ઝડપી લીધો હતો. ત્યારબાદ પોલીસે બીયરનો જથ્થો અને લકઝરીયસ કાર મળી અંદાજે રૂ. ૪.૭૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઈ બે જણા વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રવિવારે રાત્રે ગાંભોઈથી તલોદ તરફ જતા રોડ પર થઈને કેટલાક શખ્સો પાસ પરમીટ વિના દારૂ અને બીયરનો જથ્થો લઈ જઈ રહ્યા છે. જે આધારે પોલીસે રવિવારે મોડી રાત્રે રણાસણ કંપા નજીક નાકાબંધી કરીને વાહન ચેકિંગ શરૂ કર્યુ હતુ. દરમ્યાન અહીંથી પસાર થતી સફેદ કલરની લકઝરીયસ કાર નંબર વગરની હોવાથી પોલીસે તેને અટકાવી હતી.

## બજારમાં દિવાળી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાપ્તાહિક આધાર પર સેંસેક્સમાં ૬૨૯ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. જેથી તેની સપાટી ૩૮૦૧૪ રહી હતી. આવી જ રીતે નિફ્ટી ૧૯૯ પોઈન્ટ ઉછળીને ૧૧૨૭૪ની સપાટીએ રહ્યો હતો. નવા સત્રમાં દલાલસ્ટ્રીટને તેજી તરફ લઈ જનાર છ પરિબળોમાં એફએન્ડઓની પૂર્ણાહૂતિ, એફઆઈઆઈ પ્રવાહ, મોદીની અમેરિકા યાત્રા, બેંક લોન ગ્રોથ ડેટાનો સમાવેશ થાય છે. બજાર ઉપર સૌથી સારી અસર મોદીની અમેરિકાની યાત્રાથી થનાર છે જેમાં મોદી અમેરિકામાં હાઉડી મોદી નામના મોટા ઈવેન્ટ યોજી ચુક્યા છે.

## પુનઃ સક્રિય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેબ્રુઆરી મહિનામાં જ બાલાકોટમાં ઘુસી જઈને જૈશના ત્રાસવાદી કેમ્પો ઉપર હવાઈ હુમલા કર્યા હતા. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી બાદ જૈશ પર ખુબ દબાણ દેખાઈ રહ્યું છે. ભારત ઉપર હુમલા કરવા તેના પર તીવ્ર દબાણ રહ્યું છે જેથી બાલાકોટ ટ્રેનિંગ કેમ્પમાં ફરી ગતિવિધિ શરૂ કરી દીધી છે. પાકિસ્તાનની સાથે મળીને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ટ્રેનિંગ કેમ્પો અને લોંચપેડ સક્રિય કર્યા છે. બાલાકોટ કેમ્પમાં આતંકવાદીઓને જમ્મુ કાશ્મીર સહિત ભારતમાં આત્મઘાતી હુમલા કરવાની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. બાલાકોટ એરસ્ટ્રાઈક અને એફએટીએફ દ્વારા વધારી દેવામાં આવેલા દબાણ બાદ પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે અસ્થાયીરુપે જૈશે મોહમ્મદ અને લશ્કરે તોઈબા જેવા આતંકવાદી સંગઠનો ઉપર અંકુશ મુકી દીધા હતા.

અસગરને પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ દ્વારા જમ્મુ કાશ્મીરમાં ઝડપથી સામાન્ય બની રહેલી સ્થિતિને ધ્યાનમાં લઈને ચિંતા વ્યક્ત કરીને હુમલા કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. સેના પ્રમુખ બિપીન રાવતનું કહેવું છે કે, કેમ્પો ફરી સક્રિય થયા છે જે દર્શાવે છે કે, તે વખતે હુમલામાં ત્રાસવાદીઓને ભારે નુકસાન થયું હતું. સેના પ્રમુખે એમ પણ કહ્યું છે કે, એરસ્ટ્રાઈક જેવા ફરી હુમલાને લઈને હાલ કોઈ વાત કરવા અમે ઈચ્છતા નથી.

## ત્રાસવાદી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આંતકવાદી યુસુફ અબ્દુલ વહાબને ઝડપી લીધો હતો. અબ્દુલ વહાબ શેખ પાકિસ્તાનની આઈએસઆઈ, લશ્કર એ તોયબા અને જૈશ એ મોહમદની મદદ કરીને જેહાદી ષડયંત્ર કરી હિન્દુ નેતાઓની હત્યા કરીને બદલો લઈ આતંક ફેલાવોના હતો. સને ૨૦૦૩માં ૮૨ લોકો વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો. જેમાંથી ૧૨થી વધારે આરોપીઓ ફરાર હતા, જ્યારે કેટલાક વિદેશ ભાગવામાં સફળ રહ્યા હતા. ઉપરાંત આ આરોપીઓ હરેન પંડ્યા, જયદીપ પટેલ પર હુમલામાં સામેલ હતા. હરેન પંડ્યાની હત્યા બાદ વીએચપીના જયદીય પટેલ અને જગદીશ તિવારીને ગોળી મારી હતી પરંતુ જીવલેણ હુમલા છતાં બંનેનો જીવ બચી ગયો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા કોમી રમખાણો બાદ સંખ્યાબંધ લોકોને જેહાદના નામે પાકિસ્તાનમાં ચાલતા આતંકી કેમ્પમાં મોકલવા માટે ભારતમાં એકટીવ સ્લીપર સેલ દ્વારા મદદ કરવામાં આવતી હતી. આવા સોફ્ટ ટાર્ગેટ લોકોને આતંકી પ્રવૃત્તિ સુધી પહોંચાડવા માટે આર્થિક મદદ કરનાર ગુજરાતના યુસુફ અબ્દુલ વહાબ શેખ ૨૦૦૩થી સાઉદી અરબ ફરાર થઈ ગયો હતો. ત્યાં તે અન્ય આતંકીઓના સંપર્કમાં કે કોઈ સંગઠનમાં આવ્યો હતો કે કેમ તેની વધુ વિગતો હવે સામે આવે તેવી તપાસ એજન્સીઓને આશા છે. ગુજરાત એટીએસ અને શહેર ક્રાઈમ બ્રાંચની આ મોટી સફળતાને લઈ ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ પણ બંને સુરક્ષા એજન્સીઓને ભારે પ્રશંસા કરી હતી. વહાબને પકડી લેવામાં આવ્યા બાદ તેની પાસેથી કેટલીક નવી વિગતો ખુલશે અને અન્ય સાગરિતો સુધી પહોંચવામાં પોલીસને મદદ મળશે. હાલમાં ગુપ્તરીતે તપાસ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં જ તેની સામે વધુ તપાસ ગંભીરતાથી હાથ ધરીને જડ સુધી પહોંચવાના પ્રયાસ કરાશે.

## હાઉડી મોદી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાઉડી મોદી કાર્યક્રમમાં મોદીએ સુપરપાવર આજે બતાવ્યો હતો. જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે હાઈ પ્રોફાઈલ અને હોઈવોલ્ટેજ હાઉડી મોદી કાર્યક્રમ શરૂ થતાં સમગ્ર હ્યુસ્ટન શહેર મોદીમય બન્યું હતું. મોદીની સાથે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભારતીય સમુદાયના લોકોથી એનઆરજી સ્ટેડિયમ ખીચોખીચ ભરાઈ ગયું હતું. રંગારંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. દુનિયાના સૌથી મોટા કાર્યક્રમ તરીકે આને જોવામાં આવે છે. એનઆરજી સ્ટેડિયમમાં ભારતીય સમુદાયના લોકો અને ટીવી ઉપર નિહાળી રહેલા કરોડો લોકો આ કાર્યક્રમને લઈને ગર્વથી ઝુમી ઉઠ્યા હતા. વહેલી પરોઢ સુધી આ કાર્યક્રમ ચાલનાર છે. કાર્યક્રમમાં મોદી ઘણો સમય ગાળનાર છે. ભારતીય સમુદાયના કલાકારોએ જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા હતા. મોદી કાર્યક્રમની શરૂઆત થાય તે પહેલા જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરીને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની વાત કરી હતી. ઈવેન્ટ માટે ખાસરીતે ડોનાલ્ડ ટ્રમ્પ હ્યુસ્ટન પહોંચ્યા હતા. તેમના ભાષણ ઉપર પણ તમામ લોકોની નજર કેન્દ્રિત રહી છે. કાર્યક્રમની શરૂઆત થયા બાદથી જ કેન્દ્રીયમંત્રીઓએ પણ પોતાના ટ્વિટર એકાઉન્ટમાં પ્રોફાઈલ બદલ્યા હતા અને પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. દ્વિપક્ષીય સંબંધોમાં એક નવા યુગની શરૂઆત થઈ રહી છે. અમેરિકાના ૫૦થી વધુ સાંસદો પણ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ધારિત સમય કરતા થોડાક મોડેથી આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ટ્રમ્પ મેરિલેન્ડથી મોડેથી રવાના થયા બાદ સ્થળ ઉપર પહોંચ્યા હતા. મોદીએ ટ્રમ્પનુ જોરદાર રીતે મંચ પર સ્વાગત કર્યુ હતુ. તેમની ભારે પ્રશંસા કરી હતી. સાથે સાથે તેમને પરિવાર સાથે ભારત આવવા માટે અપીલ પણ કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પની ઉપસ્થિતિમાં મોદી છવાયેલા રહ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, એનઆરજીની આ એનર્જી ભારત અને અમેરિકા વચ્ચે વધતી જતી સિનર્જીની સાક્ષી છે. પ્રમુખ ટ્રમ્પ અને અન્ય નેતાઓ તરફથી તેમનું સ્વાગત ભારતના ૧.૩ અબજ ભારતીયોનું સન્માન છે. મોદીએ ઉમેર્યું હતું કે, ૯-૧૧ અને ૨૬-૧૧ હુમલાના કાવતરાખોરો ક્યાં હતા તેનાથી સમગ્ર દુનિયા વાકેફ છે. આ લોકોએ ભારત પ્રત્યે નફરતને જ પોતાની રાજનીતિ બનાવી લીધી છે. આ એવા લોકો છે જે અશાંતિ ઈચ્છે છે. મોદી જ્યારે પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર પાકિસ્તાન પર પ્રહાર કરી રહ્યા હતા ત્યારે ચાહકોની વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પ પણ બેઠા હતા. અનેક વખત તાળીઓ વગાડતા પણ નજરે પડ્યા હતા.

# લ્યો બોલો પ્રાંતિજ ગેસ્ટહાઉસમાં કોઈ ગઠીયા કરતબ અજમાવી ગયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ નામચીન ગેસ્ટહાઉસમાં કોઈ અજાણ્યા ગઠીયા પોલીસના સ્વાંગમાં આવીને કરતબ અજમાવી ગયા તો બે નંબરમા ગયેલ ત્રણ કપલ પાસેથી પૈસાનો તગડો તોડ કર્યો હોવાની ચર્ચાએ હાલ તો જોર પકડયું છે. હાલ તો પ્રાંતિજ સહિત તાલુકામાં કેટલાય ગેસ્ટહાઉસો લાયસન્સ વગર અને સરકારી નિતી નિયમોની એસી તેસી કરતા જોવા મળે છે ત્યારે જવાબદાર અધિકારીઓ ગૌર નિંદ્રામાં હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજ ખાતે આવેલ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ નામચીન ગેસ્ટહાઉસમાં આજે કોઈ ગઠીયાઓ પોલીસના સ્વાંગમાં આવીને ગેસ્ટહાઉસમાં ગયેલ ત્રણ કપલની પુછપરછ કરી તો બે નંબરમાં ગયેલ ત્રણેય કપલો ઉચા નીચા થઈ ગયાં અને પોલીસના સ્વાંગમાં આવેલ પોલીસ દ્વારા તગડો તોડ કરી જવા દીધા હોવાનું હાલ તો આ મુદ્દો ટોપ એન ટાઉન બન્યો છે. હાલ તો પ્રાંતિજ પોલીસ તથા જીલ્લા એસઓજી પણ હાલ તો ઉઘતાં હોયને કોઈ અજાણ્યા પોલીસના સ્વાંગમાં આવેલ નક્કી પોલીસ બનીને આવીને પોતાની કરતબ અજમાવી ગયા. પ્રાંતિજ સહિત તાલુકામાં નેશનલ હાઈવે આઠ ઉપર કેટલાય ગેસ્ટહાઉસો વગર લાયન્સે ચાલે છે અને અવારનવાર જાગરૂક નાગરીકો દ્વારા રજુઆતો બાદ પણ તંત્ર હાલ તો આંખ આડા કાન કરતું હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે જેની જવાબદારી છે તે પ્રાંન્ત કચેરી પણ હાલ તો બધું જાણતું હોવા છતાં ગૌર નિંદ્રામા હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.